# 'આપણે આંજણા' પુસ્તકનું લોકાર્પણ કરાયું



ગાંધીનગર, તા. ૨૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની સ્થાપનાના પચીસમા વર્ષની ઉજવણી નિમિત્તે ડૉ. માસુંગ ચૌધરી લિખિત પુસ્તક 'આપણે આંજણા' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પત્રકાર, લેખક દેવેન્દ્ર પટેલ, અજય ઉમટ, સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ, આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ અને મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી ઉપસ્તિત રહ્યા હતા. આંજણા સમાજનો ઈતિહાસ, ઉત્પત્તિ, પહેરવેશ, ખાનપાન, રીતરિવાજ, વ્યવસાય અને ગુજરાત તથા ગુજરાત બહાર વસવાટના પ્રદેશ જેવી વિગતો આ પુસ્તકમાં સમાવવામાં આવી છે.

કાર્યક્રમનું આયોજન, સંચાલન આચાર્ય ડૉ. એમ એમ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિરના પ્રાંગણમાં દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો રંગીન કપડાંમાં સજ્જ થઈને ઉજવણીમાં સામેલ થયાં હતાં. પ્રદૂષણ અટકાવવા હેતુ બાળકોએ ફટાકડા ન ફોડવા જોઈએ એવી સલાહ તેમે આપવામાં આવી હતી. શિક્ષકોની સહાયથી બાળકોએ પ્રત્યેક વર્ગખંડમાં ફૂલોથી રંગોળી સજાવી હતી.




વેદ ગૃપ સંચાલિત આરાધના વિદ્યાવિહાર ખાતે બુધવારે દિવાળી પર્વ નિમિત્તે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા વાલીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બેટી બચાઓ, સ્વચ્છતા અભિયાન તથા ઈન્ડિયન આર્મી જેવા વિષયો સાથે વિદ્યાર્થીઓએ જોવાલાયક રંગોળી તૈયાર કરીને દિવાળીની ઉજવણીને સાર્થક સ્વરૂપ આપ્યું હતું.

# જિલ્લાકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ધણપ પ્રાથમિક શાળાની સક્રિય સાજેદારી



ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર આયોજિત જિલ્લાકક્ષાનું ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન એસએસવી કેમ્પસ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ધણપ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સ્વયંસંચાલિત સીંચાઈ પદ્ધતિ અંગેનો પ્રૉજેક્ટ રજૂ કર્યો હતો. સુરેન્દ્રસિંહ રાણા અને રણવીરસિંહ રાણા દ્વારા શિક્ષક પ્રકાશભાઈના માર્ગદર્શનમાં આ પ્રૉજેક્ટની પ્રસ્તુતિ કરી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે નકામાં ઈલેક્ટ્રીક ઉપકરણોનાં વ્યવસ્થાપન અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિક્ષક હેતલબેનના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓએ ઘરેથી ઈ-વેસ્ટ એકત્ર કર્યું હતું અને આ પ્રકારના કચરાનું વ્યવસ્થાપન કરતી સંસ્થા ઈ-કોઈલના યશભાઈને શાળામાં આમંત્રિત કરી આ ઈ-વેસ્ટ તેમને સુપ્રત કરાયો હતો. યશભાઈએ વિદ્યાર્થીઓના આ ઉપક્રમને પ્રોત્સાહિત કરવા માટે બદલામાં કંપાસબૉક્સ, કલરબૉક્સ, પૅન્સિલબૉક્સ ભેટ તરીકે આપીને તેમના આ જાગૃત પ્રયાસને બિરદાવ્યો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સૅક્ટર-૭, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅક્ટર-૧૨, મહાત્મા ગાંધી વિદ્યાલય, સૅક્ટર-૧૬, ડૉ. વિક્રમ સારાભાઈ શાળા, પાલજ દ્વારા સમાજને એક નવો રાહ ચીંધવામાં આવ્યો છે. દિવાળી પર્વ નિમિત્તે પ્રદૂષણ ફેલાવનારા અને વધુ અવાજ કરે તેવા ફટાકડા નહીં પોડવા આ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સંયોજક નટુભાઈ લાડાણી, આચાર્ય મુકેશભાઈ જાની, ભાવેશભાઈ જાની, એલ વી રાતડિયા અને કૈલાસબેને ઉપસ્થિત રહી બાળકોને ફટાકડાથી થતા નુકસાન અંગે વિગતે માહિતી આપી તેમને ફટાકડા ન ફોડવા માટે સમજ પૂરી પાડી હતી.

## શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયનાં

# પાંચ શિક્ષકોને નિવૃત્તિ નિમિત્તે વિદાયમાન



## મંદાકિનીબેન ત્રિવેદી, દક્ષાબેન પટેલ, શાંતાબેન ચૌધરી, બિનીતાબેન દવે અને અંજનાબેન દેસાઈ વયનિવૃત્ત થયાં : શાળા અને ટ્રસ્ટ દ્વારા વિદાયમાન

ગાંધીનગર, તા. ૨૪

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ફરજ બજાવનારાં મંદાકિનીબેન ત્રિવેદી, દક્ષાબેન પટેલ, શાંતાબેન ચૌધરી, બિનીતાબેન દવે અને અંજનાબેન દેસાઈ વયનિવૃત્ત થતાં તેમને વિદાયમાન આપવા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી, લાલજીભાઈ ચૌધરી, મહેન્દ્રભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. મીનાબેન ચૌધરી વિદાય લઈ રહેલાં શિક્ષકોને શાલ ઓઢાડી સન્માનિત કર્યાં હતાં. સ્ટાફ પરિવાર તરફથી બહેનોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



વિપીનભાઈ ઓઝા



આર સી રાવલ
મો. ૯૪૮૪૬ ૨૩૩૫૬



નટવરસિંહ ડી પરમાર
મો. ૯૫૫૮૯ ૪૫૬૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# રક્ષા શુક્લને સ્વ. રીતાબેન ભટ્ટ પારિતોષિક



ગાંધીનગર, તા. ૨૪

સુપ્રસિદ્ધ સંસ્થા શિશુવિહાર દ્વારા પ્રતિવર્ષ એક કવયિત્રીનું સ્વ. રીતાબહેન ભટ્ટ પારિતોષિક અર્પણ કરી સન્માન કરવામાં આવે છે. આ વર્ષે ખ્યાત સાહિત્યકાર રક્ષા શુક્લને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાના હસ્તે આ પારિતોષિક એનાયત થયું હતું.

શિશુવિહારના ડૉ. નાનકભાઈ ભટ્ટ અને પદ્મશ્રી ડૉ. એચ એમ મહેતા દ્વારા શિલ્ડ અને રોકડથી રક્ષાબહેનને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સન્માન તેમને તેમના કાવ્યસંગ્રહ 'આલ્લે લે' માટે પ્રાપ્ત થયું હતું.

ઉલ્લેખનીય છે કે રક્ષાબહેનને થોડા સમય અગાઉ રાજ્યપાલના હસ્તે સંસ્કારવિભૂષણ સન્માન પ્રાપ્ત થયું છે. ઉપરાંત કુમાર ટ્રસ્ટનું શ્રીમતી કમલા પરીખ પારિતોષિક પણ તેમને મળ્યું છે અનેતેઓ આકાશવાણીના રાષ્ટ્રીય કવિ સંમેલન માટે પણ પસંદગી પામ્યાં છે.

# ગાંધીનગર રોટરી ક્લબ અને ટૉપ એજ્યુકેશન દ્વારા 'ટૉપ ઑલમ્પિયાડ' પરીક્ષા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ટોપ એજ્યુકેશન દ્વારા ટોપ ઓલમ્પિયાડ પરીક્ષાનું આયોજન ટોપ એજ્યુકેશન, સેક્ટર-૯ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ ૫થી ૧૨ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં ભણતા ૪૫૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરીક્ષા માટે ઉપસ્થિત વાલીઓ અને વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પણ પૂરું પડાયું હતું. આવનાર સમયમાં પરિણામના આધારે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ધોરણ ૯ અને ૧૦ના દસ તેજસ્વી અને આર્થિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓને મદદ કરશે. પરીક્ષાની શરૂઆતમાં રોટરી વતી મનીષભાઈ, ડો.ધર્મેન્દ્રભાઈ, કિરણભાઈ, ડો.જગદીશભાઈ, દિલીપભાઈ અને ટોપ એજ્યુકેશનના પ્રતિનિધિઓએ હાજર રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.